# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Accredited Grade "A" by NAAC(3rd Cycle)

શારીરિક શિક્ષણ વિભાગ, યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ – ૩૬૦૦૦૫

ફોન નં. : (૦૨૮૧) ૨૫૭૮૫૦૧ એક્સટે. નં. ૧૧૧

ઈ-મેઈલ : phyedu@sauuni.ac.in


નં.શા.શિ./ગુ.સ્થા.દિન/૦૨/૨૦૨૦

તા. ૦૩/૦૫/૨૦૨૦

પરિપત્ર :

વિષય : ગુજરાત સ્થાપના દિનની ઉજવણી ડિજીટલના માધ્યમથી કરવા બાબત.

સંદર્ભ ૧ : ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી ગાંધીનગરના પત્ર ક્રમાંક : મકમ/સ્થાપના દિવસ/૨૦૨૦/૫૬૨૪-૬૦૮૮ તારીખ : ૩૦-૦૪-૨૦૨૦

સંદર્ભ ૨ : મકમ/સ્થાપનાદિવસ/૨૦૨૦ તા.૦૧/૦૫/૨૦૨૦

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોના વડાશ્રીઓ તથા સંલગ્ન કોલેજોનાં આચાર્યશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ-૨ ના સુધારા અન્વયે જણાવવામાં આવે છે કે દર વર્ષે ૧લી મે નાં રોજ ગુજરાત સ્થાપના દિનની ઉજવણી જુદી જુદી રીતે સંસ્થાઓ અને સરકાર દ્વારા કરવામાં આવેલ છે. પરંતુ ચાલુ વર્ષે આપ સૌ સુવિદિત છો. આ ઉજવણીના ભાગરૂપે યોજાનાર ઉપરોકત સ્પર્ધાઓમાં વિષયવસ્તુ "ગુજરાતના ગૌરવ અને અસ્મિતા સ્વરૂપ કોરોના વોરિયર્સની ભૂમિકા" રહેશે. યુનિવર્સિટી સ્તરે યોજાનાર આ ડીજીટલ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકોમાંથી પ્રથમ, દ્વિતીય, અને તૃતીય આવનાર સ્પર્ધકોને ઈનામ જાહેર કરવાના રહેશે. તથા આ ત્રણ ક્રમાંકોને અનુક્રમે રૂ.૧૫૦૦૦/- રૂ.૧૧૦૦૦/- અને રૂ.૫૦૦૦/- રોકડ પુરસ્કાર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તરફથી આપવામાં આવશે. શક્ય હોય તો આપનાં ભવનનાં અને કોલેજોનાં વિદ્યાર્થીઓનાં ગ્રુપ ઈ-મેઈલ/વોટ્સઅપ ગ્રુપ અથવા ડિજીટલ મિડીયા આપનાં સ્તરેથી જાણ કરી પ્રોત્સાહિત કરવા વિનંતી.

જે અંતર્ગત આપનાં ભવનમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી ભાઈઓ-બહેનોને નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા અને કાવ્યલેખન સ્પર્ધામાં ભાગ લેવા ઇચ્છુક હોય તે વિદ્યાર્થી ભાઈઓ-બહેનોએ નીચે આપેલ ઈ-મેઈલમાં મેઈલ મોકલવાના રહેશે.અથવા ગુગલ ફોર્મની લીંકમાં તમામ વિગતો ભરી પોતાની કૃતિને અપલોડ/એટેચ કરવાની રહેશે. ગુગલ ફોર્મની લીંક:- https://forms.gle/k8rL89YLeCdyA9im7

| ક્રમ | સ્પર્ધાનું નામ | સ્પર્ધા મુજબના ઈ-મેલ |
|---|---|---|
| ૧ | નિબંધ સ્પર્ધા (Essay Competition) | youthvoice2020eassy@gmail.com |
| ૨ | કાવ્યલેખન સ્પર્ધા (Poem Competition) | youthpoem2020@gmail.com |
| 3 | ચિત્રકલા સ્પર્ધા (Drawing Competition) | youthdrawing2020@gmail.com |

ઉપરોકત કોષ્ટકમાં દર્શાવેલ સ્પર્ધા મુજબનાં ઈ-મેલમાં વિદ્યાર્થી ભાઈઓ-બહેનોએ નીચે મુજબ દર્શાવેલ ક્રમ ૧ થી ૦૬ ની તમામ વિગત તા.૦૭-૦૫-૨૦૨૦ સુધીમાં મોકલાવી આપે તેની જાણ આપનાં ભવન/કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી ભાઈઓ-બહેનોને કરશોજી.

તા.ક.: ગુગલફોર્મની લીંક અને અન્ય વિગતો Physical Education Sectionમાં ડાઉનલોડ વિભાગમાં મુકવામાં આવેલ છે.

ગુગલ ફોર્મ અથવા ઈ-મેઈલમાં નીચેની વિગતો સ્પષ્ટ પણે ભરવી.

૧. સ્પર્ધાનું નામ : ચિત્ર સ્પર્ધા/ નિબંધ સ્પર્ધા/ કાવ્યલેખન
૨. ભવનનું/કોલેજનું નામ :
૩. વિદ્યાર્થીનું પુરૂ નામ :
૪. વિદ્યાર્થીનો મોબાઈલ નંબર.
૫. વિદ્યાર્થીનું ઈ-મેલ.
૬. ઉપરોકત આપેલ વિષય પર આપનાં દ્વારા રજુ કરેલ કૃતિ મેઈલમાં એટેચ કરવી.
૭. ભાગ લેનાર વિદ્યાર્થીનો ફોટો

વધુ વિગતો માટે યુનિવર્સિટી કાર્યાલયના ૦૨૮૧ ૨૫૭૮૫૦૧ *૧૧૧ *૨૨૩ *૪૨૭ નંબર પરથી માહિતી ઉપલબ્ધ થઇ શકશે.

શારીરિક શિક્ષણ નિયામક

**પ્રતિ,**

(૧) સૌ.યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનના વડાશ્રીઓ/સંલગ્ન કોલેજનાં આચાર્યશ્રીઓ,
(૨) ડાયરેક્ટરશ્રી, કોમ્પ્યુટર સેન્ટરશ્રી (વેબસાઈટ દ્વારા પ્રસિદ્ધિ અર્થે)

**નકલ સાદર રવાના :-**

(૧) માન.કુલપતિશ્રી/ માનઉપકુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી